સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ અને
નોંધણી સર નીરીક્ષકશ્રી ની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩,(સી) ખ–રોડ,
ગાંધીનગર.તા.૧૯/ ૦૨/૦૭.

ક્રમાંક/સ્ટેમ્પ/કયદ/૧૦૦/૨૦૦૨ | ૬૧૫ |

વંચાણે લીધું:–

(૧) મહેસુલ વિભાગના જાહેરનામાં ક્રમાંક/જી.એચ.એમ./૨૦૦૪/૧૦૧/એમ/એસટીપી/ ૧૦૨૦૦૪/૧૪૬૫/હ–૧ તા.૧૮/૧૨/૦૪

(૨) મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક/એમ/એસટીપી/ ૧૦૨૦૦૬/૩૦૮૭/હ–૧ તા.૮/૨/૨૦૦૭.

## –: પરિપત્ર :–

સરકારશ્રીના મહેસુલ વિભાગના સંદર્ભ (૧)વાળા જાહેરનામાં અન્વયે સ્પેશિયલ ઈકોનોમીક ઝોનમાં ડેવલોપર અને યુનિટને સ્ટેમ્પડયુટીમાંથી મુકિત આપેલ છે. સદર જાહેરનામાના સંદર્ભમાં સરકારશ્રી ધ્વારા સ્ટેમ્પડયુટીમાં મુકિત આપવા નીચે જણાવેલ શરતો ને આધીન નિર્ણય કરેલ છે.

(૧) જયાં ભારત સરકારની સૈદ્ધાન્તિક મંજૂરી મળી હોય તેવા કિસ્સામાં જયાં સ્પેશિયલ ઈકોનોમીક ઝોન મુકવા ભારત સરકાર ની સૈધાન્તિક મંજૂરી મળી હોય તેવા કિસ્સામાં ડેવલોપરે જમીનની બજાર કિંમતના ૫.૯૫% લેખે થતી સ્ટેમ્પડયુટીની રકમ જેટલી બેંક ગેરેંટી આપવાની રહેશે.

(૨) ડેવલોપરે SEZ (સેઝ) માટેની સક્ષમ સત્તાધિકારી પાસેથી નિયમાનુસાર જરૂરી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે જમીન ખરીદવાની છે, તેનો જિલ્લો, તાલુકો/કુલ એરીયા/કુલ વિસ્તાર સર્વે નંબર/બ્લોક નંબર/ગામનું નામ વિગેરે સંપૂર્ણ વિગતો દર્શાવેલી હોવી જોઈએ.

(૩) ડેવલોપરે ગુજરાત સ્પેશિયલ ઈકોનોમીક ઝોન એકટ તથા કેન્દ્રિય ઈકોનોમીક ઝોન એકટ તથા તેની હેઠળ બનાવેલ નિયમોની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૪) કેન્દ્રિય સ્પેશિયલ ઈકોનોમીક ઝોન હેઠળ સ્પેશિયલ ઈકોનોમીક ઝોન તરીકે પ્રોજેકટ વિધિસર જાહેર થયે ઝોનના વિસ્તાર અને અન્ય વિગતોની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ સક્ષમ અધિકારી એટલે કે ઉદ્યોગ કમિશનર શ્રી ગાંધીનગર ધ્વારા બેન્ક ગેરંટી રીલીઝ કરવાની રહેશે.

સબબ ઉપરોકત શરતોને ધ્યાને લઈ ને આ અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવા સબ રજિસ્ટ્રાર શ્રી તમામ, નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર (તમામ )તથા અધિકાર ધરાવતા અધિકૃત અધિકારીશ્રીઓ ને આથી જણાવવામાં આવે છે.

વધુમાં તમામ નોધણી અમલદારોને આથી જણાવામાં આવે છે કેસ્પેશિયલ ઈકોનોમીક ઝોન વાળા ઉકત ઠરાવની વિગતે મુકિત મુજબના દસ્તાવેજો નોધણી અર્થે રજુ થાય ત્યારે દસ્તાવેજોની સાથે ઉદ્યોગ કમિશ્નરશ્રી નું પ્રમાણપત્ર તથા બેંક ગેરેન્ટી ની પ્રમાણિત નકલ અચુક સામેલ રાખવા તથા આ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા દર માસે રજુ થયેલ લેખોની માહિતી સામેલ પત્રક મુજબ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર મળ્યા અંગેનં પહોંચ દિન-૭ માં મોકલી આપવા વિનંતી છે.

સહી/-
વી.વાય.વ્યાસા.
સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સ,
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,
(૧)સબ રજીસ્ટ્રારશ્રી,તમામ...........
(૨) નાયબ કલેકટર શ્રી, સ્ટેમ્પ ડયુટી મુંલ્યાકન તંત્ર,તમામ........... તરફ જાણ સારૂ.

<u>નકલ સવિનય રવાનાઃ-</u>
(૧) નાયબ સચિવ શ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,હ-૧ શાખા,ગાંધીનગર
(૨)કલેકટરશ્રી તમામ.....

<u>નકલ રવાનાઃ-</u>
(૧) અધિક કલેકટરશ્રી,સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રીની કચેરી,ગુ.રા.ગાંધીનગર
(૨) અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩)નાયબ નોધણી સર નિરીક્ષકશ્રી ગુ.રા.ગાંધીનગર
તમામ નોધણી નિરીક્ષકશ્રી તથા સબ રજીસ્ટ્રારશ્રી ને જાણ કરવા સારૂ.
(૪) નાયબ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૫) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષકશ્રી,(સ્ટે.સ.)ગુ.રા.ગાંધીનગર.
(૬) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષકશ્રી,(તપ.સણી)ગુ.રા.ગાંધીનગર.
(૭)નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ(અપીલ)ગાંધીનગર.
(૮)સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ અને ઈ.જ કચેરીની તમામ શાખા તરફ.....

રવાના કર્યુ.

નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસ
ગુ.રા.ગાંધીનગર.

[illegible]

જિલ્લો:—

| અનુ.નં. | કચેરીનું નામ | દસ્તાવેજ નંબર તારીખ | અવેજ રૂ. | દસ્તાવેજ રજૂ કરનારનું નામ/સંસ્થાનું નામ સરનામું | મિલ્કતનું વર્ણન/ગામ,સર્વે નંબર,ક્ષેત્રફળ | મિલ્કતની બજાર કિંમત | માફી આપવામાં આવેલ | | ભારત સરકારની સૈધ્ધાંતિક મંજૂરી મળ્યા તારીખ | બેંક ગેરંટીની વિગત રકમ રૂ. | રીમાર્કસ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | સ્ટેમ્પ રૂ. | નો.ફી રૂ. | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

નોંધણી નિરીક્ષક............................